# <u>સુરતના ૯માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરત</u>

ફોજદારી કેસ નંબર :- ૩૫૯૧/૧૯૯૮

**<u>આક-૧ તળેનો હુકમ</u>**

(૧) આ કામે સુરતના એ.પી.પી.શ્રી, એમ.કે.ચૌહાણ ની **આંક-૨** ની હાલનો કેસ પરત ખેંચવાની સી.આર.પી.સી. કલમ-૩૨૧ ની જોગવાઇ તથા નામદાર સુપ્રિમ કોર્ટના [1980] 0 AIR (SC) 1510 Rajendra Kumar Jain: Manohar Lal: Attorney General For India Vs. State Through Special Police Establishment: State Of Haryana ના ચુકાદા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના [1992] 2 GLR 1596 BHANJIKHAN JAHAJ IK HAN MALEK Vs ABDULKUMAR R. MAHESANIA ના ચુકાદાઓ ધ્યાને લેતાં , એ.પી.પી.શ્રીને શ્રી સરકાર તર્ફે, આ કામના આરોપી સામેનો હાલનો કેસ જોહેર તથા પબ્લીકના વિશાળ હિતમાં અને સમાજનાં તમામ વર્ગો વચ્ચે લાંબા ગાળા સુધી શાંતિ જળવાઈ રહે તેવા શુભ આશયથી ( in order to further the broad ends of public justice, public order and peace) પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવેલ હોઇ અને તે અનુસંધાને એ.પી.પી.શ્રી.એમ.કે.ચૌહાણ દ્વારા **આંક-૨** હાલનો કેસ પરત ખેંચવા વિડ્રો પુરશીશ આપેલ છે અને તે પુરશીશ આ કોર્ટ દ્વારા રેકર્ડ કરવામાં આવેલ છે. તે તમામ સંજોગોમાં, હાલનો કેસ તે રીતે સી.આર.પી.સી કલમ-૩૨૧ ની જોગવાઇ મુજબ વીડ્રો તરીકે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આંક-૧ તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામ આવે છે.

-: **<u>હુકમ</u>** :-

(૧) આ કામના આરોપીને, તેમની સામેના સદર હું ગુનાના કામે, ડીસ્ચાર્જ કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના બેલ-બોન્ડ રદ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ મુદ્ઘામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ વેલ્યુએબલ મુદ્ઘામાલ બાબતે માલીકીની ખરાઇ કરી માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ફરીયાદી જાતે અથવા સરકાર દ્વારા આરોપીને શોધી રજુ કરવામાં આવે તો કેસ રીસ્ટોર કરવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ: ૧૧મી માહે: ફેબ્રુઆરી , સને-૨૦૨૩ ના રોજ આયોજીત સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સુરત.

(મયુર.ડી.બ્રહ્મભટ્ટ)
૯માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરત

તારીખ: ૧૧-૦૨-૨૦૨૩

કોડ નં જીજે૦૧૦૦૮